

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વરસાદ વગરની હાલત જોવા નિકળ્યા છે,*
*'આધાર' વગરનાની હાલત જોવા નિકળ્યા છે!*
*જોવા નિકળ્યા છે, ચિંતા-મગ્ન ચ્હેરા જીએસ્ટી પ્હેલાં -*
*નર્મદાજીનો 'ચૂંટણી-પ્રચાર' જોવા નિકળ્યા છે...*
*(જગતના નાથની રથયાત્રા)*

### હાઈકુ

*શ્રદ્ધાળુઓ તો -*
*ફળ, મળે ન મળે -*
*ખેંચે છે રથ!*

*આંખ મીંચી ને -*
*બેઠો, જુએ છે બધું -*
*જગ નો નાથ...*

### ચિંતન

*ગુને ઋતુંગતા યાતી નોતુંગેનસને ના,*
*પ્રાસાદશિખારસ્તો આપી કાક: કિન ગરુદાયતે ??*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત શ્લોક સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**માણસ ગુણો વડે જ મોટાઈ પ્રાપ્ત કરે છે, ઊંચા આસન વડે નહીં, મહેલની ટોચ પર બેઠેલો કાગડો શું ગરુડ બની જાય છે ?**

**આજકાલ નેતાઓ પદ પ્રાપ્તિ કરી લે છે એમાં પૈલા - દબાણ જ કામ કરે છે - સત્તા માટે બુદ્ધિ-કૌશલ્યોની એમને જરૂર પડતી નથી માત્ર સત્તા - મોટાઈ પ્રાપ્ત થાય છે. બાકી વહીવટ ને તો ખાડે જ લઈ જાય છે.**

### સુવિચાર

- મહેનતુ માણસને નસીબ પોતાનું વિઝિટિંગ કાર્ડ સામેથી આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે પ્રાપ્ત છે, એ જ પર્યાપ્ય છે. આ બે શબ્દોમાં સુખ અપાર છે - **સુરેશ દલાલ**
- જીવન એટલે મેળવવું, આપવું અને છોડી દેવું,
  જે આ ત્રણેય બાબતોને યોગ્ય સમન્વય કરે તે સુખી થાય - **અખંડ આનંદ**
- તોડ કર જોડ લો ચાહે હર ચીઝ દુનિયા કી... સબ કુછ કાબિલ - એ મરમ્મત હૈ...
  ઐતબાર કે સિવા - **નિદા ફાઝલી**
- શાંતિ ઘરની લક્ષ્મી છે, પૈસો ઘરનો મહેમાન છે,
  વ્યવસ્થા ઘરની શોભા છે અને 'બાંધછોડ' ઘરનું સુખ છે - **ચિત્રલેખા**
- કોણે કહ્યું કે મૌન ને વાચા નથી, એનો જેવા તો શબ્દો પણ સાચા નથી - **સ્નેહા પટેલ**
- આજનું ઔષધ : બાવળની છાલ ઉકાળી કોગળા કરવાથી મોંની ચાંદી મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

શિક્ષણ અને સાક્ષરતા સ્વમાની જીવન જીવવા માટે ખૂબ જરૂરી છે.

એક બળવાન, રૂપાળો યુવાન હતો. શરીર સૌષ્ઠવ મજબૂત, કદ, કાઠી ઉત્તમ. પણ યુવાન સાવ અભણ હતો. કોઈ સરકારી કચેરીમાં જવાનું એ ટાળતો. એકવાર કોઈ જરૂરી કામ માટે ના છૂટકે સરકારી કચેરીમાં જવું પડ્યું. જરૂરી દસ્તાવેજો પોતાની પાસે હતા એ કાગળોનો ઉપયોગ કેવી રીતે કરવો. કયા ટેબલ પર માહિતી મેળવવી એની કંઈ ખબર પડતી ન હતી. કચેરી મધ્યમાં કલાર્ક પાસે ગયો. તેણે યુવાનનું અપમાન કરી કાઢી મૂક્યો. વળી બીજા ટેબલ પાસે જઈ વિનંતી કરવા લાગ્યો. એ ટેબલ પર એક બુઝુર્ગ હતા તેણે યુવાનના દસ્તાવેજો જોયા અને એ મુજબ કાગળ પર અરજી લખી આપી, યુવકનો અંગૂઠો પડાવ્યો. અને ધીરે રહીને ટકોર કરી, 'ભાઈ, યુવાન છો, દેખાવે આકર્ષક લાગો છો પરંતુ વાંચતા - લખતા અસમર્થ છો. ભણતર વિના તમારા સુંદર શરીરનું કોઈ મહત્ત્વ નથી.'

યુવાનને બુઝુર્ગની વાત સોંસરવી નીકળી ગી. ખૂબ શરણ પણ આવી. એણે કચેરીમાંથી નીકળતાં વેંત જ સંકલ્પ કરી લીધો કે હવે અક્ષરજ્ઞાન મેળવી ને જ રહીશ. આ યુવાન મોટો થઈ બ્રિટન શાસનના બિહાર પ્રાંતના મંત્રી પણ બન્યો અને એક શિક્ષણવિદ્ તરીકે પણ ખ્યાતિ પામ્યો. એ યુવાન સર ગણેશદત્ત સિંહ હતો.

# નગરચર્યાએ જગતના નાથ

**તંત્રીસ્થાનેથી...**

અષાઢ બેસતાંની સાથે માંગરિક પર્વોનું શુભારંભ થઈ જાય. મહાકવિ કાલિદાસના યશોદાયી કાવ્ય 'મેઘધૂત'ની શરુઆત જ 'અષાઢસ્ય પ્રથમ દિવસે' જેવી પંક્તિથી થાય છે. ચાતુર્માસ કહેતાં ચોમાસું કે મોનસૂન એ કોઈ પણ પ્રદેશ અને પ્રજાની જીવાદોરી બી રહે છે. આ સમયગાળા દરમિયાન આકાશમાંથી જગતના નાથની કૃપા વરસે છે. જો ચોમાસું નબળું જાય તો પછીનું આખું વરદ દુકાળિયું બની રહે છે. આ કૃપાથી પ્રત્યક્ષીકરણનું પર્વ એટલે રથયાત્રા.

અષાઢી બીજ એ આપણા કૃષિપ્રધાન દેશનો રાષ્ટ્રીય લોકોત્સવ છે. કચ્છી માડુઓનું તો નવું વરસ જ અષાઢી બીજથી બેસે છે. સૃષ્ટિનું ચક્ર નિરંતર એની નિશ્ચિત ગતિએ ચાલ્યા કરે છે. માણસ એમ માને છે કે બધું હું કરું છું પણ નરસિંહ મેહતા કહે છે એમ -

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જયમ શ્વાન તાણે !

સૃષ્ટિના નિયંતાને આપણા મનીષીઓએ વિધવિધ સ્વરુપે ઓળખવા પ્રયાસ કર્યો છે. જગતનો નાથ છે એટલે એનું એક નામ જગન્નાથ કે જગદીશ પાડ્યું. કોણ છે આ જગન્નાથ? ત્રિદેવ પૈકી વિષ્ણુ જગતના પાલક ગણાયા છે અને શ્રીકૃષ્ણ વિષ્ણુનો લોકાવતાર છે. એમણે કારાગારમાં માતા દેવકીના આઠમા સંતાન તરીકે અવતાર લઈ મધરાતે મથુરા છોડી ગોકુળિયું વહાલું કર્યું છે. ભગવાન કૃષ્ણને મોટાભાઈ પણ છે બલરામ અથવા બલભદ્ર અને એક નાની બહેન પણ છે - સુભદ્રા. આ ભાઈબહેનની ત્રિપુટી નગરયાત્રાએ નીકળે, મોસાળમાં રોકાય અને પાછી નિજમંદિરે પધારે એવી રમણીય કલ્પના જેણે પણ કરી હોય તે જરૂર ઋષિતુલ્ય લોકપુરુષ હશે. એક દંતકથા મુજબ અંગ, બંગ અને ઉત્કલ અર્થાત્ બિહાર, બંગાળ અને ઓડિશામાં માંસાહાર અને મત્સ્યહાહર વિશેષ થતો હોઈ એ વૈષ્ણવો માટે ત્યાજ્ય પ્રદેશો ગણાયા હતા. એ મેણું ભાંગવા માટેના એક ભક્તના આગ્રહને વશ થઈ ભગવાને પુરીમાં નિવાસ કર્યો છે. એથી અળખામણા ઉત્કલની આ જગન્નાથપુરી એ પવિત્ર સાત નગરીઓ પૈકીની એક ગણાતી થઈ ગઈ. શંકરાચાર્યે ત્યાં ધર્મપીઠ સ્થાપવી પડી. પુરીની રથયાત્રા દુનિયા ભરમાં જાણીતી છે. અમદાવાદમાં એનું વિશિષ્ટ અનુકરણ થયું એને પણ વર્ષોનાં વર્ષો વીતી ગયા છે. એ પછી તો ભગવાનની કૃપાદૃષ્ટિ સતત વિસ્તરતી જ રહી છે અને ગુજરાતનાં શહેરોમાં જ નહીં બલકે કસ્બાઓમાં પણ રથયાત્રાનો ઓચ્છવ રંગેચંગે ઊજવાતો થયો છે. રથયાત્રા એ કોઈ જાતિ વિશેષનો ઉત્સવ ન રહેતાં સમસ્ત સમાજનો લોકોત્સવ બની રહેલ છે. ભગવાન જગન્નાથ પણ ફક્ત વૈષ્ણવોના આરાધ્ય ન રહેતાં શ્રમજીવીઓ અને મધ્યમવર્ગના તમામ લોકોના લોકદેવતા તરીકે સામે ચાલીને એમના ખબરઅંતર પૂછવા નીકળે છે. પુરી કરતાં પણ અમદાવાદની રથયાત્રામાં પ્રજા મોટી સંખ્યામાં ઊમટે છે. લોકતંત્રના મુખ્યમંત્રી ઉર્ફે રાજા જાતે ભગવાન જગન્નાથના રથની સોનાની સાવરણીથી પહિન્દ વિધિ કરે છે અને પછી પોતે પણ રથ ખેંચવામાં જોડાય છે. રથનું લાકડું કાપી અને રથયાત્રા સુધીની વિધિ પહોંચાડવામાં સમાજના વિવિધ વર્ગો જોડાય છે અને ઉત્સાહપૂર્વક વિવિધ પહેલવાનો અને કસરતબાજો એમનાં કરતબ પ્રદર્શિત કરે છે. હાથીઓ આ રથયાત્રાનું વિશેષ આકર્ષણ બની રહે છે. વળી મગ અને જાંબુનો પ્રસાદ લેવા પડાપડી થાય છે. રાજનેતાઓથી લઈ શહેરના મુસ્લિમ અગ્રણીઓ આ રથયાત્રાનું સ્વાગત કરે છે ત્યારે કોમી એકતાનો જબરદસ્ત માહોલ સરજાય છે. આ વખતે તો વળી રથયાત્રા પછીના જ દિવસે રમજાન ઈદનો પવિત્ર તહેવાર આવે છે. પાટનગરની રથયાત્રાએ પણ એની આગવી ઓળખ ઊભી કરી છે. ભગવાન જગન્નાથની કૃપા સમસ્ત જીવસૃષ્ટિ પર ઊતરે એ જ અભ્યર્થના...

# પાણી અને વાણી ઘીની માફક વાપરો



**નવોદિત કોલમ**

કાનન ઓઝા

એટલે વોટર, જળ, વાણી એટલે સ્પીચ, સ્પોકન, વર્ડસ આપણે આજે પાણસ નકામું નકામું વેડફીએ છીએ. પ્રભુએ હવા, પાણી અને અનાજ મફત આપ્યા છે. આપણ ને તેની કિંમત નથી. હવા આપણા હાથમાં નથી. પણ પાણી નો ઉપયોગ કરવો એ આપણા હાથમાં છે. આપણને વિચાર આવે છે કે પાણી પૃથ્વી પરથી કયારેય ખલાસ થશે નહિ. જમીનની અંદર પાણીનો ભંડાર છે અને વરસાદ આપણને પુષ્કળ આપે છે.

જયારે કોઈ વસ્તુ મફતના ભાવમાં આપણને વેચાતી મળે છે ત્યારે આપણે કહીએ છીએ કે, આ વસ્તુ મેં પાણીના મુલે વેચાતી લીધી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાણી કિંમતી નથી. તે આપણે સરળતાથી મળે છે.

રસ્તા પર નળ ઉઘાડા હોય છે. કોણ તેની દરકાર રાખે? ને પાણીની તે વળી દરકાર કરવાની શી? ઘરમાં પણ આપણે રાત્રે નળ ચાલુ રાખીને સૂઈએ, ઘણી વારતો નળનાં પાણી અવાજથી ખ્યાલ આવે કે કેટલા વાગ્યા હશે. ઘણીવાર તો બહારગામ જવાનું થાય તો પાણીનો નળ પણ ખુલ્લો રાખીને જઈએ છે. પછી પરત આવીએ ત્યારે તો જળબંબાકાર હોય. વાસણ માંજવા બાઈ બેસે ત્યારે એટલે નળ ઉઘાળો રાખે વાસણ મંજાઈ ન જાય ત્યાં સુધી નળ ઉઘાડો રાખે કોઈ એને કંઈ જ કહેતુ નથી. વરસાદ ન પડે ત્યારે પાણીની અછત જણાય છે. ગામડાઓમાં દૂર દૂરથી પાણી ઉંચકીને લાવવું પડે છે. હવે તો પાણી મેળવવા હડતાલ થાય. હવે દૂનિયાને હવે ભય છે કે પાણી વગર જીવાશે કેવી રીતે? એટલે સરકાર અને સમાજ સેવકો લોકોને પાણીની ઉપયેગીતા વિશે જાણ આપે છે. એટલે જ હવે કહેવાય છે કે પાણી ઘીની માફક સાચવી સાચવીને વાપરો. ઘી કિંમતી છે એ ઢોળાઈ જાય એ કોઈને પાલવે નહિ. ઘી નો ઉપયોગ કરકસરથી કરીએ છીએ. ઘી કદાચ ઢોળાઈ જાય તો તેને ભેગુ કરીને અલગ પાત્રમાં ઠાલવી દઈએ છીએ.

પાણીની માફક વાણીને પણ ઘીની માફક વાપરો બેફામ બોલો નહિ. વાણી પણ કિંમતી છે. બડબડાટ કરો નહિ. જયાં બોલવાનું હોય ત્યા જ બોલો યોગ્ય તક જોઈને અને કોઈને ખોટુ લાગે તેવી વાણીનાં બોલો. ગુસ્સામાં સંયમ રાખો કેટલીક વાર ન બોલવામા નવગુણ સંયિમત રીતે વાણી બોલો આમ, પાણી અને વાણીની કિંમત સમજો એને નકામું વેડફી ન દો. તેથી નુકશાન આપણ ને જ છે.

એટલે જ સમજુ અને સાચા માણસોએ રાષ્ટ્ર કહયું છે કે -

**"પાણી અને વાણી ઘીની માફક કરકસરથી વાપરો"**

# સાચા અર્થમાં 'ફાધર ડે' કયો ?

**મોરપીંછના રંગ**



ડો. કનૈયાલાલ ભટ્ટ

ભારતીય સાહિત્યમાં 'મા' વિશે ખૂબ જ લખાયું છે પણ 'પિતા' વિશે આપણે બહુ વિચાર કર્યો નથી. હમણાં જ થોડા દિવસો પહેલા 'ફાધર ડે' ને આપણે સૌએ (મેં નહીં હો) ફેસબૂક - વોટ્સએપ પર ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો. પછીના લીધેલા કાવ્યો, ગઝલો, સુવાક્યો કે ગદ્યખંડોના ધસમસતો પ્રવાહ આ મીડિયા ઉપર અનુભવાયો. એ દિવસ અસંખ્ય 'શ્રવણો' પોતાના પિતા સાથે ફેસબુક પર દેખાયા હતા. જો કે કોઈના હાથમાં 'કાવડ' પણ નહોતી કે માતાપિતા માટે ચારધામની યાત્રાની 'ટિકિટ' પણ નહોતી. માત્ર પિતાએ લઈ દીધેલો સ્માર્ટ ફોન હતો.

આ ફાધર ડે ને આમ જોઈએ તો ગુજરાતીમાં આપણે 'પિતૃદિવસ' (પિતૃતર્પણની જેમ) કહી શકીએ. કેમ કે આખા વર્ષમાં એક જ દિવસ એવો છે કે જે દિવસ આપણને આપણા પિતાશ્રી યાદ આવે છે. બાકી ૩૬૪ દિવસમાં આપણો પિતાશ્રીને કેટલી વખત પાણીનો ગ્લાસ ભરીને આપીએ છીએ? એ આપણે સૌ જાણીએ છીએ. પિતાની વાતનો વિચારનો અનેક વખત વિરોધ કરીએ છીએ.

ખરેખર તો વેદ-પુરાણોના સમયથી આજથી ૨૧મી સદી સુધી આપણે સૌ પિતાને ઓળખવામાં, સમજવામાં, ચાહવામાં હંમેશા ઊણા જ ઉતર્યા છીએ. કેમ કે કુણી કુણી આંગળીઓના ટેરવાથી સ્માર્ટ મોબાઈલ ઉપર ચાલતા શીખેલા બાળક અને લાકડીના ટેકે ચાલતા કે જૂના ખાટલામાં ખાસતા વૃદ્ધ સુધીના છલકાવી દીધું હતું. ઘણાયના તો વૃદ્ધ પિતા બિચારા વૃદ્ધાશ્રમમાં હશે ને દીકરાએ પિતાના ફોટા પોસ્ટ કરીને પિતૃપ્રેમ અભિવ્યક્ત કરી લોકોને વાહ - વાહ લૂંટી હશે.

આમ જોઈએ તો પિતાનો તમાચો ખાઈને ગુસ્સામાં પર પિતૃપ્રેમનું કાવ્ય કે ફોટો તો શૅર કરી દે છે પણ પિતાની પીડાને શેર કરી શકતા નથી. વાચ્યા, સમજયા વિના પિતા પર કોઈએ લખેલા કાવ્યો, ગઝલો, સુવાક્યો તો આપણે કોપી કરીને પોસ્ટ કરી દઈએ છીએ પણ પિતાની આંખમાંખી સતત ટપકતા આંસુને સરનામે આપણે કદીએ 'પપ્પા, આઈ મિસ યુ' કે 'પપ્પા, આઈ લવ યુ' એવા આપણા હૃદયમાંથી નીકળતા સાયુકલા માત્ર ચાર શબ્દો પપ્પાને પોસ્ટ કરી શકતા નથી. કેમ કે આ ચાર શબ્દો સાચી લાગણી હોય તો જ હૃદયમાંથી નીકળે છે. જેની કોપી થઈ શકતી નથી. પણ આપણે તો સતત - સતત મિત્રો વચ્ચે પાર્ટીઓમાં પ્રસંગોમાં, મિટીંગોમાં, વ્યક્તિગત સ્વાર્થ પુરા કરતી ઈચ્છાઓમાં ૩૬૪ દિવસ વ્યસ્ત હોઈએ છીએ. પિતા વિશેની અન્ય કોઈની ઉછીની લાગણી કોપી કરીને ફેસબુક - વોટ્સએપ પર તરતી મૂકીને અનેક મિત્રોની વાહ-વાહ મેલવીએ છીએ. પણ પિતાના એકાંતવાસના સહભાગી થવાનું સદ્ભાગ્ય આપણે નથી મેળવી શકતા કેમ કે મોબાઈલમાં પાંગતરી મોહજાળની માયાઓમાં આપણે આપણા અનેક સાચા સંબંધોની સંવેદના ગુમાવી રહ્યા છીએ. વળી આપણે એ નથી વિચારતા કે જન્મ પછી આપણને પહેલું પગલું, પહેલો અક્ષર કે પહેલું હાસ્ય ભલે 'મા' શીખવતી હોય પણ કદાચ પહેલો 'તમાચો' મારીને બાહ્ય દુનિયાના સંઘર્ષ સામે લડવાની નવી ઊર્જા તો પિતા પાસેથી જ મળે છે. પિતા જયારે આપણને ધક્કો મારે છે ત્યારે ઊડવાની ઊર્જા હોય છે. પપ્પા જયારે કડવા વચનો કહે છે ત્યારે એમાં આપણા જીવનમાં - મનમાં પ્રવેશી ગયેલા વાયરસોને મારવાની શક્તિ હોય છે અને પપ્પાનો તમાચો જીવનભર બહારની દુનિયાની કોઈ વ્યક્તિનો તમાચો નહીં ખાવાની શીખ હોય છે પણ આપણી લાગણી, સમજ, સંવેદના બધું જ ફેસબુક પરની પોસ્ટ જેવું અલ્પજીવી હોય છે. જે જલ્દી ભૂંસાયું જાય છે.

શું પિતા આપણા મિત્ર, માર્ગદર્શક, ગુરુ કે આદર્શ માત્ર 'ફાધર્સ ડે' પુરતા જ છે? અન્ય દિવસોમાં આવી ફિલિંગ્સ આપણે કેમ નથી અનુભવતા? દરરોજ આપણે પિતોને કેટલા યાદ કરીએ છીએ? શું સાચે જ આપણે દરરોજ પિતાને મિસ કરીએઓ છીએ ખરા? આવો પ્રશ્ન જાતને પૂછવાથી આપણા પિતૃપ્રેમનો ફૂગ્સો આપોઆપ ફૂટી જશે.

આપણે માની ભીની આંખોનું રૂદન સતત જોયું છે પણ પિતાની સાવ સૂક્કી આંખોની પાછળ આંસુનો ખળભળથો દરિયો કયારેય જોઈ શકતા નથી.

માના લાગણીભર્યા શબ્દોથી આપણે મહેંકીએ છીએ ખરા પણ આપણે ગમે તેટલા શિક્ષિત કે સંવેદનશીલ હોવાનો દાવો કરતા હોઈએ પણ આપણે આપણા જ પિતાનું મૌન સમજવામાં ઊણા ઉતરીએ છીએ. આજના યુવા પેઢીની એ સૌથી મોટી કરુણતા છે કે પિતાનું મૌન તો નથી સમજતા પણ પિતાના બોલેલા શબ્દોએ નથી સમજતા. આજે ભાગ્યે જ ઓવા સંતાનો હશે જે પિતાના શબ્દો કે પિતાનું મૌન સમજી એમની પ્રેરણા લઈ પિતાની પડખે ઊભા હશે.

ઘણી જગ્યાએ નોકરી, ધંધો કે અન્ય કોઈ કારણસર પિતા ઘરની દૂર રહેશે ત્યારે એકલા પિતા શું જમતા હશે, ઓફિસથી સાંજે ઘરે આવી બીજા દિવસે ઓફિસ જાય ત્યાં સુધીના ૧૬ કલાક ઘરમાં એકલા પિતાની મનોપીડા કેવી હશે એ કયાં દીકરા કે દીકરીએ જાણવાનો પ્રયાસ કર્યો? મિત્રોના ગ્રુપમાં ફેસબુક - વોટ્સ્એપ પર સંવેદનાઓનો ધોધ વહેડાવતી આજની યુવા પેઢી જયારે પિતાની તબિયત પૂછવામાં, પિતાને પાણીનો ગ્લાસ આપવામાં, પિતાને ચા બનાવી દેવામાં કે દવાખાને દાખલ કરેલા પિતાની સારવાર કરવામાં મોટાભાગના ઘરોમાં સાવ વામણી અને સ્વાર્થી પુરવાર થાય છે ત્યારે પિતા શું અનુભવતા હશે? એ પણ અનુભવવું જોઈએ.

નિવૃત્તિ પછી ઘરના એક ખૂણે કે ફળિયે કે સોસાયટીના ચોકમાં બેઠેલા કે બગીચાના લાકડે બેઠેલા કે તળાવના કિનારે કે મંદિરના ઓટલે કે કોઈ વૃક્ષના છાંયડે બેઠેલા વૃદ્ધ પિતાને આપણે જયારે આંગળી પકડીને ઘેર લાવી આપણી પાસે બાજુની ખુરશી પર બેસાડી ડિનર કરાવીશું. સાથે હરવા-ફરવા કે ફિલ્મ જોવા લઈ જઈશું કે ઘરના ટી.વી.મા એમને ગમતી 'સિરીયલ' બધા જોઈશું ત્યારે આપણે સૌને સાચો અધિકાર મળે છે. 'ફાધર ડે' ઉજવવાનો અને ફાધર બનવાનો પણ.

# વોન્ટેડ : 'શિષ્ય'ને ગમે એવા નવા 'ગુરુ'..!

**રજળપાટ**



અજય ઉપાધ્યાય

'અન્ટેનબલ' ! પોતાના રાજીનામાના પત્રમાં અનીલ કુંબલેએ આ શબ્દનો પ્રયોગ કર્યો છે. આનો અર્થ જાણશો એટલે આપોઆપ ખબર પડી જશે કે કોચ કુંબલે અને કેપ્ટન કોહલી વચ્ચે કઈ ખીચડી રંધાતી હતી ...! 'અન્ટેનબલ'...અર્થાત એવો સંબંધ કે જેમાં બીજા પક્ષનો/વ્યક્તિનો બિલકુલ સપોર્ટ કે સમર્થન હોય નહિ...! સમજાઈ ગઈ ને આખી ક્રિકેટ કથા...! હિન્દી કોમેટ્રીની ભાષામાં એમ કહેવાય છે કે ક્રિકેટ અનિશ્ચિતતાઓ કા ખેલ હૈ અને બિલકુલ એવું જ તમે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ માટે પણ કહી શકો...! ટોટલી ક્રિકેટપ્રેમીઓના વિચારોથી વિપરીત કોઈ કામ કરતું હોય તો એ છે બીસીસીઆઈ અને હવે એમાં ઉમેરો થયો છે ભાઈ શ્રી વિરાટભાઈ કોહલીભાઈનો...! દરેક શિષ્ય માટે ગુરુનું સ્થાન હમેશા ઊંચું જ રહેવું જોઈએ અને મોટાભાગે એ રહેતું પણ હોય છે પણ આજના મોર્ડન જમાનામાં ગુરુ કે જેને કોચ તરીકે ઓળખીએ છીએ એની પીઠમાં કોહલી જેવા કટપ્પા ગમે ત્યારે તલવાર ભોકી દેતા હોય છે...!

હજુ તો કટ્ટર પ્રતિસ્પર્ધી પાકિસ્તાન સાથે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ કેમ હાર્યા એનું ઓફિસિયલ વિશ્લેષણ થવાનું બાકી છે એ પહેલા તો કોચ કુંબલેએ (ના)રાજીનામું ફગાવીને કોહલી એન્ડ કંપનીને વધુ બેકફૂટમા ધકેલી દીધા છે. મીડિયાના અહેવાલો સાચા માનીએ તો કોહલી એન્ડ કંપનીને 'કડક' ગુરુદેવ નથી ખપતા. એમને તો જલસા કરવા દે, મનમાની કરવા દે અને ફીટ હોય કે ના હોય તોય રમવા દે કે પછી મનચાહી ટીમ રાખવા દે એવા ગુરુજી ખપે છે પણ આ તો કુંબલે ...! ક્રિકેટ વિશ્વમાં કુંબલેની પોતાની અમીટ છાપ છે, રૂતબો છે અને ડેફીનેટલી એ છાપ કે રૂતબો કોહલી કરતા ક્યાય ઉંચો અને વધુ માનવંતો છે એવામાં સ્વાભાવિક છે કે કોચની ફરજોનું ભાન કુમ્બલેને વધુ જ હોવાનું. કહેવાય છે કે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ટીમ મીટીંગમાં ટોસ જીતીએ તો બેટિંગ લેવાની જ વાત થયેલી પણ કોહલીએ ટોસ જીતીને ફિલ્ડીંગ લઈને કુમ્બલેને ચોકાવી દીધો. કદાચ એક્જેટલી આ જ કારણ હોય શકે સફળ કોચ કુંબલેના રાજીનામાનું. સુત્રોના અહેવાલ મુજબ કોહલીનું એવું માનવું હતું કે અમુક ક્ષત્રો એવા છે જેમાં કોચની દખલ ના હોવી જોઈએ જ્યારે કુંબલેનું માનવું એવું હતું કે એક કોચ તરીકે એ પોતાની ઈચ્છા કે સજેશન આપી શકે છે ...આગે કપ્તાન માલિક...! અને ચેમ્પિયંસ ટ્રોફી ફાઈનલમાં ટોસ મામલે એ જ થયું ...!

ખેર, કોહલી અને એના એન્ગર વિષે આપણે બધા જાણીએ જ છીએ પણ એક વાતમા બધા સહમત હશે અને એ છે જમ્બો - અનીલ કુંબલેના સાલસ સ્વભાવ વિષે. ઈવન છેલ્લા છએક મહિનાથી કપ્તાન સાથે તિરાડ પડેલા સંબંધો નિભાવતા કુંબલેએ બોર્ડના અધિકારીઓ સાથેની મીટીંગમાં એમ કહ્યાનું કહેવાય છે કે મારે વિરાટ સાથે કોઈ મતભેદ નથી...! આને કહેવાય જેન્ટલમેન...! ક્રિકેટમાં પૈસો જ મારો પરમેશ્વર હોય એવું આજકાલથી નહિ પણ વર્ષોથી ચાલતું આવ્યું છે . નેશનલ ટીમમાં સિલેક્ટ થવું જેટલું ટફ છે એટલું જ ટફ છે એ સ્થાન ટકાવી રાખવું અને સ્થાન ટકાવ્યા પછી એનું પૂરેપૂરું વળતર વસુલ કરવું એવામાં સ્વાભવિક છે કે મનફાવે એમ ગુલ્લી મારવા દેતો કોચ કે પછી ફરજીયાત ફિટનેસ ટેસ્ટનો આગ્રહ રાખતો કોચ કે પછી રમત સમયે નો હલ્લાગુલ્લા એવું કહેનારો કોચ કોને ગમે ? એમાયે ધોનીનું પત્તું કપાયા પછીથી કોહલી અત્યારે અઝીમો-શાન શહેનશાહના સિંહાસને બિરાજે છે. કોહલી પર બોર્ડના ચારે હાથ અને પાંચમું માથું છે. ધોની જેવા ધોની પણ ચુપચાપ વિકેટ પાછળ ગ્લોવ્ઝ લગાવીને ઉભા રહી જાય છે તો કુંબલે વળી કઈ વાડીનો મૂળો? (આવું કોહલી વિચારતો હશે ...!)

ખેર ક્રિકેટ માટે કહેવાય છે કે જ્યારે તમે જીતતા હોવ ત્યારે કોઈ કશું બોલતું નથી પણ એકવાર તમારી પડતી શરુ થઈ એટલે ખલ્લાસ...બધું હીટવિકેટ થવા માંડે ....! કોહલીના કેસમાં હજુ એવું થવું બાકી છે પણ વધુ ગંભીર સવાલ એ છે કે શું કેપ્ટન નક્કી કરશે કે કોચ કોણ હશે ? નો ડાઉટ કોચની પસંદગીમાં કપ્તાનની રાય લેવાવી જોઈએ પણ સાવ બિન્દાસ અને ખુલ્લેઆમ કપ્તાન એમ બોલી શકે કે 'હવે કુંબલે અમારાથી સહન નથી થતો '...? સુનીલ ગાવસ્કરે સાચું જ કહ્યું કે જો કપ્તાન કહે એમ જ કોચ રાખવાનો હોય તો પસંદગી સમિતિનું કામ જ શું છે ? કેપ્ટન કહે એને જ કોચ બનાવી દો...! અસલમાં કોહલી અને કુંબલે બંને અલગ અલગ વ્યક્તિત્વ ધરાવે છે એ હકીકત છે . એકબાજુ કોહલી વધુ એગ્રેસીવ અને જીદ્દી દેખાઈ આવે છે જ્યારે બીજી બાજુ કુંબલે શાંત અને સ્ટ્રીક સ્વભાવનો છે એવામાં સ્વાભવિક છે કે વ્યક્તિત્વનો ટકરાવ થવાનો જ હતો. બીજું કે આગળ કહ્યું એમ અત્યારે કોહલીનો સિતારો આસમાનમાં છે એટલે એના પડ્યા બોલ ઝીલવા બોર્ડ આતુર રહેવાનું જ અને એનો પુરાવો એ વાત પરથી મળે છે કે ગાંગુલી, સચિન અને લક્ષ્મણ જેવા દિગ્જજોની બનેલી ક્રિકેટ સલાહકાર સમિતિની લાખ કોશિશ છતાં પણ કુંબલેની વિદાય રોકી શકાય નહિ...!

એક વર્ષ જેટલા ટૂંકા ગાળામાં પણ કોચ તરીકે કુંબલેએ ભારતીય ટીમની સફળતાઓમાં ખુબ યોગદાન આપ્યું છે એને કોઈ અવગણી શકે નહિ પણ ખબર નહિ ભારતીય ક્રિકેટમાં કોઈ કોચ સફળ હોય અને ટકી રહે એવું ભાગ્યે જ બને છે . ઈવન પોતાની આત્મકથા જેવા પુસ્તક 'પ્લેઈંગ ઈટ માય વે' મા ગ્રેટ સચિન તેન્ડુલકરે પણ લખ્યું છે કે ૨૦૦૦ની સાલમાં પોતાની કપ્તાનીની સેકન્ડ ઈનિંગમાં એને અને કોચ કપિલદેવને ખાસ કઈ જામતું નહોતું . સચિન લખે છે કે કપ્તાનની અમુક અબાધિત સત્તા હોય છે જેમાં કોચે દખલ આપવી જોઈએ નહિ. આ અબાધિત સત્તા એટલે ટોસ જીતીને શું કરવું? કોને ટીમમાં રમાડવો? એ જ હોય શકે. સચિન લખે છે કે કોચનું કામ ફક્ત મોટીવેટ કરવાનું અને રણનીતિ ઘડવાનું જ હોવુ જોઈએ નહિ કે એ રણનીતિ મુજબ જ કપ્તાને કામ કરવું એ નક્કી કરવાનું ...! મજાની વાત એ છે કે આવું લખનાર સચિન ખુદ કુંબલે-કોહલી પ્રકરણ વખતે એ નક્કી કરવામાં હતો કે કુંબલે રહેવો જોઈએ કે કોહલી કહે છે એ મુજબ થવું જોઈએ ..? છે ને ક્રિકેટ અનિશ્ચિતતાઓકા ખેલ ...!

ખેર કુંબલે પ્રકરણ પછીથી કોહલી એન્ડ કંપની કોચ વગર જ વીકેસ્ટ વિન્ડીઝ ટીમ સામે સીરીઝ રમવા પહોચી ગઈ છે પણ બોર્ડ સમક્ષ યક્ષ પ્રશ્ન હવે એ ઉભો થયો છે કે કોચ કોને બનાવવો? અને બનાવવો તો કોને બનાવવો ? કોહલીના આઉટફીટમા તો શાસ્ત્રી જ ફીટ બેસે છે પણ સવાલ એ છે કે શાસ્ત્રી પણ હવે પોતાની મનમાની મંજુર કરાવ્યા પછી જ કોચ બનશે . ચર્ચામાં નામ ડેશિંગ વિરુ પાઝીનું પણ છે, પણ જો વીરુ કોચ બનશે તો કોચ અને કપ્તાન બંને એગ્રેસીવ સ્વભાવના ભેગા થશે અને કદાચ બોર્ડને એ ચિંતા હશે કે આવું થશે અને જો કોહલી-સેહવાગની કેમેસ્ટ્રી નહિ જામે તો ગમે ત્યારે પાછો નવા કોચ શોધવાનો વારો આવશે જ ...! ૨૦૧૯નો વર્લ્ડકપ હજુ બે વર્ષ દુર છે અને બોર્ડે એ વાતનો ખ્યાલ રાખવો પડશે કે વર્લ્ડ કપ પહેલા સારો કોચ ટીમને મળે. વિરુ પાઝી સિવાય કોચની રેસમાં ઓસ્ટ્રેલીયન અને લંકા ટીમનો ભૂતપૂર્વ કોચ ટોમ મૂડી, ઈંગ્લીશ ક્રિકેટર અને પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમનો ભૂતપૂર્વ કોચ રીચાર્ડ પાયબ્સ, બે વર્ષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમેલો અને આપણે ૨૦૦૭મા વર્લ્ડ ટી૨૦ કપ જીત્યા ત્યારે ટીમ મેનેજર રહેલો લાલચંદ રાજપૂત અને ૪ ટેસ્ટ સીરીઝ અને એક વન ડે રમેલો ડોડા ગણેશ..! અસલમાં બોર્ડે કોહલીની જોહુકમી સ્વીકારીને પોતાના જ પગ પર કુહાડી મારી છે. અનીલ કુંબલે જેવાને પણ ' રીટાયર્ડ હર્ટ ' થવાનો વારો આવતો હોય ત્યારે હવે જોવાનું એ રહેશે કે કોહલીના નાકમાં નથેલ નાખે એવો કોચ આવે છે કે પછી શાસ્ત્રી ટાઈપ 'મારે ય નહિ ને ભણાવે ય નહિ' એવો માસ્તર આવે છે ...! બેસ્ટ લક ટીમ ઈન્ડિયા ...!